# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શાહ ગોવિંદજી વીરમ, ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧

## સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા

### ◆◆◆ અભ્યાસક્રમ જવાબ પત્ર ◆◆◆ ઓગસ્ત - 2022

એનરોલમેન્ટ નંબર 3　　ગામ ____________

વિદ્યાર્થીનું નામ ____________

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા.**

(૧) દુષમ સુષમ
(૨) ધર્મપ્રવાળ
(૩) અકાળ
(૪) પૂરણ
(૫) રાજઅવસ્થા
(૬) શિષ્ટાચાર પ્રશંસા
(૭) વિશ્વાસઘાત
(૮) અજીવ
(૯) વારાણસી
(૧૦) પુદ્ગલ
(૧૧) ન્યાય
(૧૨) પશુ.
(૧૩) કસાઈ
(૧૪) અર્થાવલંબન
(૧૫) પરમાર્થ
(૧૬) અજીતનાથ
(૧૭) ત્રિક
(૧૮) અપર્યાપ્ત
(૧૯) પુરુષસિંહ
(૨૦) આગળ.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં**

(૧) મનશુદ્ધિ
(૨) વાહન
(૩) શ્રીપદ્મપ્રભસ્વામી
(૪) પ્રદેશ
(૫) સત્સંગ
(૬) મુક્તાશુક્તિ
(૭) અંધકાર
(૮) શ્રી સંભવનાથપ્રભુ
(૯) વિશેષજ્ઞતા
(૧૦) સુષમ - સુષમ
(૧૧) અગ્રપૂજા
(૧૨) માનવ
(૧૩) અદ્દાકાળ
(૧૪) અધર્માસ્તિકાય
(૧૫) કઠોરતા
(૫) ગુપ્ત
(૬) કાળ
(૭) અદ્રવ્ય
(૮) પર્યાપ્તિ
(૯) સડસઠ
(૧૦) દિવસ
(૧૧) પલ્યોપમ
(૧૨) પ્રદેશ
(૧૩) ગુણ
(૧૪) સ્પર્શ
(૧૫) નિશ્ચય
(૧૬) સકળ લોક ને
(૧૭) છે.
(૧૮) ~~ક~~ સ્કંધ
(૧૯) શબ્દ
(૨૦) આકાશાસ્તિકાય

**પ્રશ્ન-૩ શબ્દનો અર્થ**

(૧) ઘાતિ
(૨) અતકાશ
(૩) મન
(૪) જ્યોતિ

**પ્રશ્ન-૪ જોડકાં જોડો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૬ | (૬) | ૧ |
| (૨) | ૩ | (૭) | ૪ |
| (૩) | ૭ | (૮) | ૫ |
| (૪) | ૮ | (૯) | ૨ |
| (૫) | ૧૦ | (૧૦) | ૯ |

**પ્રશ્ન-૫ સંખ્યામાં જવાબ**

(૧) ૪૦૦
(૨) ૬
(૩) ૨૨
(૪) ૫
(૫) ૩૨
(૬) ૨૦
(૭) ૧૦૦૦
(૮) ૪
(૯) ૬૩
(૧૦) ૩૬૬૩

| | પ્રશ્ન-૬ ✓ કે X | | પ્રશ્ન-૭ આ વાક્ય ક્યા પાને છે તે નંબર |
|---|---|---|---|
| (૧) | ✓ | (૧) | ૫ |
| (૨) | X | (૨) | ૧૩ |
| (૩) | X | (૩) | ૧૦ |
| (૪) | ✓ | (૪) | ૨૧ |
| (૫) | X | (૫) | ૪ |
| (૬) | ✓ | (૬) | ૯ |
| (૭) | ✓ | (૭) | ૨૩ |
| (૮) | ✓ | (૮) | ૧૬ |
| (૯) | X | (૯) | ૧ |
| (૧૦) | X | (૧૦) | ૨૦ |

| પ્રશ્ન ૧-મેળવેલ ગુણ | + પ્રશ્ન ૨-મેળવેલ ગુણ | + પ્રશ્ન ૩-મેળવેલ ગુણ | + પ્રશ્ન ૪-મેળવેલ ગુણ | + પ્રશ્ન ૫-મેળવેલ ગુણ | + પ્રશ્ન ૬-મેળવેલ ગુણ | + પ્રશ્ન ૭-મેળવેલ ગુણ | + પ્રશ્ન ૮-મેળવેલ ગુણ | = કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

રીમાર્ક ____________　　તપાસનારની સહી ____________

પ્રશ્ન - ૮

૧. દુષમ - દુષમ નામનો છઠ્ઠો આરો એકવીશ હજાર વર્ષ પ્રમાણ હોય છે. ત્યાંના જીવો બીલ, બકોલ, ગુફામાં રહેનારા અને મત્સ્યાદિનો આહાર કરનાર થશે. આ આરાના મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૦ વર્ષનું અને શરીર એક હાથનું હશે. અત્યંત તાપ અને શીતને સહન ન કરી શકવાના કારણે વૈતાઢ્ય પર્વતની ગંગા-સિંધુનદીને ત્યાં રહેશે. આચાર વિચાર રહિત, માતા સ્ત્રીબેનના વિવેક રહીત, મોટા-નાનાની મર્યાદા વિનાના, તિર્યંચ સરખા, વ્યભિચાર વૃત્તિવાળા, નિર્લજ સ્ત્રીઓ ૬ વર્ષે ગર્ભ ધારણ કરશે. બહુ સંતાનોને જન્મ આપનારી હશે. ધર્મ વિનાનું આવુ દુઃખમય જીવન તેમને અશાતા કરે તેવી ગતિઓ આપશે. સમ્યગ દૃષ્ટી જીવો કોઇક જ હશે.

૨. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ આગલા ત્રીજા ભવમાં સમ્યક્ત્વ પામી દીક્ષા લઇ વીશસ્થાનક તપ આદરી તીર્થંકર નામ કર્મ બાંધ્યું. છઠ્ઠા ગ્રૈવેયકમાંથી ચ્યવી પ્રભુ વારાણસીના પ્રતિષ્ઠ રાજાની પૃથ્વી રાણીના ઉદરમાં શ્રાવણ વદિ આઠમે આવ્યા. જેઠ સુદિ બારસે જન્મ્યા. સ્વસ્તિક લંછન વાળા, સુવર્ણ કાંતિવાળા, બસો ધનુષની ઉંચાઇ વાળા પ્રભુએ જેઠ શુદિ તેરસે ૧૦૦૦ રાજાઓ સાથે દીક્ષા લઇ નવમાસ પછી મહાવદિ છઠ્ઠના વારાણસીમાં કેવળજ્ઞાન પામ્યા. વીશ લાખ પૂર્વનું સર્વ આયુષ્ય ભોગવી સમેતશિખર પર ૫૦૦ મુનિઓ સાથે મહાવદ સાતમના મોક્ષે ગયા. વિદર્ભ આદિ ૯૫ ગણધરો, સોમા આદિ ૪૩૦,૦૦૦ સાધ્વીઓ, ૨૫૭,૦૦૦ શ્રાવકો ૪૯૩,૦૦૦ શ્રાવિકાઓનો પરિવાર હતો. શાસન રક્ષક માતંગ અને શાંતા યક્ષિણી હતા.

૩. સજ્જનની સજ્જનતા ટકાવી રાખવાની અને દુર્જન બનતા અટકાવવાની જબરજસ્ત તાકાત લજ્જા ગુણમાં છે. લજ્જા એટલે લાજ, શરમ, મર્યાદા. તેનાથી ઘણા બધા ગુણો ખેંચાઇને આવે છે અને અવગુણો ભાગતા અટકી પડે છે. લજ્જાથી વ્યક્તિ ખોટા કાર્યો કરતાં અટકે, ખોટા નિમિત્તો આપતાં અટકે અને શુભકાર્યોમાં પ્રવૃત્ત થાય. આજે સમાજની દુર્દશાના મૂળિયા આપણે ગુમાવેલી લજ્જા તરફ આંગળી ચિંધે છે. ભગવાનની પૂજા કરવામાં, તેમની આજ્ઞા પાળવામાં, ગુરૂવંદન કરવામાં, માતા-પિતાને નમસ્કાર કરવામાં લાજવાનું નથી પણ આવા સત્કાર્યો ઉલ્લાસ ભાવે કરવાના છે. ચરમકેવલી જંબુસ્વામી જે થયા હોય તો એમના મૂળમાં ભવદેવના ભવનો આ લજ્જા-દાક્ષિણ્ય ગુણ છે.

૪. જિનેશ્વર પ્રભુનાં દર્શનથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે. જિનમંદિરમાં આશાતનાઓ ન થાય તે માટે કાળજી રાખવી. જિનમંદિરની મુખ્ય દશ આશાતનાઓ આ પ્રમાણે છે. i) જિનમંદિરમાં પાન સોપારી આદિ ખાવા. ii) જિન મંદિરમાં પાણી પીવું. iii) જિન મંદિરમાં ભોજન કરવું. iv) જિનમંદિરમાં પગરખાં પહેરવા. v) જિનમંદિરમાં સ્ત્રી સાથે મૈથુન કરવું. vi) જિન મંદિરમાં શયન કરવું. vii) જિનમંદિરમાં થુંકવું. viii) જિનમંદિરમાં લઘુનીતિ કરવી. ix) જિનમંદિરમાં વડીનીતિ કરવી. x) જિનમંદિરમાં જુગાર રમવો. સાથે જ જિનાલયમાં સાત શુદ્ધિ અને પાંચ અભિગમ પણ સાચવવાના છે. પરમાત્મા આપણા ઉપકારી છે તેથી પ્રભુના દર્શન, પૂજન સમયે ખૂબ ઉંચા ભાવે વિનય જાળવવો. જિનાલય એક પવિત્ર સ્થાન છે તેની કાળજી લેવી.

૫. પુદ્ગલ એટલે પૂરણ અને ગલનના સ્વભાવવાળું. પૂરણ એટલે મળવું અને ગલન એટલે વિખરવું. સમયે સમયે પુદ્ગલના સ્કંધ ~~એકબીજા~~ સાથે બીજા નવા પરમાણુ જોડાતાં હોય છે અને જુના પુદ્ગલો એનાથી જૂદા પડતા હોય છે. સમયે સમયે એના વર્ણ-ગંધ-રસ-સ્પર્શના ૨૦ ભેદોમાં પૂરણ-ગલન ચર્યું જ હોય છે. તેના ૧૦ લક્ષણ આ પ્રમાણે છે. શબ્દ, અંધકાર, પ્રકાશ, જ્યોતિ, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નિશ્ચયપણે પુદ્ગલના લક્ષણ છે. શબ્દ એટલે અવાજ, ધ્વનિ, નાદ. તે ત્રણ પ્રકારના છે. (i) સચિત્ત - જે જીવના મુખમાંથી બોલાય તે. દા.ત. કોયલનો ટહુકાર. (ii) અચિત્ત - અજીવ પદાર્થોના અફડાવવાથી થાય તે. દા.ત. વાસણ. (iii) મિશ્ર - જીવ પ્રયત્નથી વાગતા સંગીતના સાધન. દા.ત. શંખનાદ, તબલા, બંસરી વિગેરે.